**રજિસ્ટર થયેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પસંદગી પામેલ ઉમેદવારના અસલ પ્રમાણપત્રોની કસ્ટડી રદ કરવા અંગે**

ગુજરાત માધ્ય. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મઉમશબ/ગ/ટે-1/5345/71
સેક્ટર-10બી, સચિવાલય પાસે, ગાંધીનગર, તા. 26-08-2011

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

*સંદર્ભ : (1) બોર્ડનો પરિપત્રક્રમાંક : મઉમશબ/ગ/ટે.1/11425/54, તા. 26-12-2008.*
*(2) કારોબારી સમિતિની બેઠકનો ઠરાવક્રમાંક : 277/2011 અન્વયે, તા. 17,18-08-2011.*

વિષય : રજિસ્ટર થયેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પસંદગી પામેલ ઉમેદવારના પ્રમાણપત્રોની કસ્ટડી રદ કરવા બાબત.

ઉક્ત વિષયે જણાવવાનું કે, રજિસ્ટર થયેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પસંદગી થયેલ ઉમેદવારના અસલ પ્રમાણપત્રો ઉપર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પ્રતિહસ્તાક્ષર મેળવી, સંચાલકમંડળની કસ્ટડીમાં પાંચ વર્ષ સુધી રાખવાના રહેશે તેવું બોર્ડના ઉપરોક્ત તા. 26-12-2008 ના સંદર્ભ-1માં દર્શાવેલ પરિપત્રથી જણાવેલ હતું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972ની કલમ-35 મુજબ હાલના સંજોગોમાં સદરહુ તા. 26-12-2008નો પત્ર રદ કરવાનું કારોબારીસમિતિની તા. 17,18-08-2011 ના રોજની મિટીંગના ઠરાવક્રમાંક : 277/2011 થી ઠરાવવામાં આવેલ છે.

આથી હવે બોર્ડના તા. 26-12-2008ના પરિપત્રની અમલવારી કરવાની રહેતી નથી. જે અંગે જરૂરી કાર્યવાહી કરવા શાળાઓને જાણ કરવા વિનંતી.

સહી, ડૉ. કે. આર. ઝાંઝરૂકીયા
સચિવ, ગુજરાત માધ્ય. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,